SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu
Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ

## અગત્યનો પરિપત્ર

**વિષય : બિપોરજોય વાવાઝોડાને કારણે અનુસ્નાતક અભ્યાસક્રમો માટે ફોર્મ ભરવાની તથા વેરિફિકેશનની તારીખમાં વધારો કરવા બાબત...**

**સંદર્ભ : ડી/ઈ/૧૦/૧૩૩૧, તારીખ : ૦૧/૦૬/૨૦૨૩**

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે બિપોરજોય વાવાઝોડાને કારણે કચ્છ, ભાવનગર, મોરબી, સૌરાષ્ટ તથા અન્ય સ્થળોએ વાવાઝોડાની અસરથી બચવા માટે ત્યાંના સ્થાનિક સત્તા મંડળ દ્વારા જે તે વિસ્તારમાં વાહન વ્યવહારની સુવિધા બંધ રાખવાની જાહેરાત કરી છે, જેથી આ વિસ્તારના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને ટેલિફોનિક જણાવેલ છે કે, તેઓ તા. ૧૭/૦૬/૨૦૨૩ સુધી તેઓએ અનુસ્નાતક અભ્યાસક્રમ માટે ભરેલ ફોર્મ વેરિફિકેશન માટે આવી શકે તેમ નથી.

ઉપરોક્ત વિગત તથા બિપોરઝોય વાવાઝોડાને ધ્યાને રાખી યુનિવર્સિટી દ્વારા આ સાથે સામેલ સિડયુલ મુજબ પ્રવેશ પ્રક્રિયાની નવી તારીખો જાહેર કરવામાં આવે છે, જેની સર્વેએ નોંધ લેવી.

જ્યારે સ્નાતક સામાન્ય પ્રવાહના અભ્યાસક્રમો તથા M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID) Programmeની પ્રવેશ પ્રક્રિયાની તારીખો યથાવત રહેશે.

બિડાણ : પ્રવેશ પ્રક્રિયાની નવી તારીખોનું સમયપત્રક

નં. ડી/ઈ/૧૦/૧૫૮૦
તારીખ : 13/6/2023
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાના :

૧. યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/ઈન્સ્ટીટયૂટના આચાર્યશ્રીઓ તરફ આગળની કાર્યવાહી સારૂ.
૨. કા. નિયામીકાશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યુનિવર્સિટી પોર્ટલ પર અપલોક કરવા સારૂ.

# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'**

Website: www.spuvvn.edu

Fax: (02692) 230309, 226804


## Revised પરિપત્ર

### Admission for Post Graduate Programmes and P. G. Diploma Programmes
### (Except M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID) )

અનુસ્નાતક અભ્યાસક્રમો તથા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે. (M.Ed., B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID) માટે પ્રવેશ પ્રક્રિયા માટે યુનિવર્સિટી વેબસાઇટ ઉપર અલગથી જાહેર કરવામાં આવેલ છે, અને તેના પ્રવેશ કાઉન્સેલીંગથી રૂબરૂમાં હાજર રહીને કરવામાં આવશે.)

| તારીખ | વિગત |
|---|---|
| ખાસ નોંધ | વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ તથા તમામ અસલ દસ્તાવેજ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ઉપર **Eligibility**ની ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ચકાસણી બાદ તમામ અસલ દસ્તાવેજ વિદ્યાર્થીએ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટરમાંથી પરત લેવાના રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન કોઈ વિસંગતતા જણાશે તો તેવા વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ કરવામાં આવશે. |
| ૦૧/૦૬/૨૦૨૩ થી ૧૭/૦૬/૨૦૨૩<br>૨૦/૦૬/૨૦૨૩ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખઃ **૦૧/૦૬/૨૦૨૩** બપોરના ૧.૦૦ કલાકથી તારીખઃ **૧૭/૦૬/૨૦૨૩** સુધી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે ત્યારબાદ યુનિવર્સિટી પોર્ટલ બંધ થઇ જશે. ત્યારબાદ વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે નહીં તથા ભરાયેલ ફોર્મની પ્રિન્ટ તથા તમામ અસલ દસ્તાવેજ ફરજીયાત યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ઉપર **Eligibility**ની ચકાસણી માટે તારીખઃ **૨૦/૦૬/૨૦૨૩**, ૫.૦૦ કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ત્યારબાદ તમામ અસલ દસ્તાવેજ પરત લેવાના રહેશે. (ઓનલાઇન ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ પોતાનો જ મોબાઇલ નંબર તથા ઇમેઇલ આપવું, સાયબર કેફેવાળાનો મોબાઈલ નંબર ઈ-મેઈલ આપવું નહી.) |
| ૨૩/૦૬/૨૦૨૩<br>૨૬/૦૬/૨૦૨૩ | વિદ્યાર્થી પોતાનું પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખઃ **૨૩/૦૬/૨૦૨૩** બપોરે ૧.૦૦ કલાકે પોતાના લોગિન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા વિદ્યાર્થીને પોતાના માર્કસમાં કોઈપણ વિસંગતતા જણાયતો એપ્લીકેશન ફોર્મ સહીત માર્કશીટ સાથે નજીકના યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટરનો સંપર્ક કરી જરૂરી સૂધારો તારીખઃ **૨૬/૦૬/૨૦૨૩**ને સાંજે ૪.૦૦ પહેલા કરાવવાનો રહેશે. ત્યારબાદ મેરીટ અંગેની કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૨૮/૦૬/૨૦૨૩<br>30/0૬/૨૦૨૩ | વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર તારીખઃ **૨૮/૦૬/૨૦૨૩** બપોરે ૧.૦૦ કલાકે પોતાના ફાઇનલ મેરીટની માહીતી મેળવી શકશે તથા મોકરાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફળવાયેલ વિભાગ/કોલેજની માહીતી પોતાના લોગીનમાં જોઇ શકશે.(નોંધઃ આ મોકરાઉન્ડ હોવાથી વિભાગ/કોલેજનું ફાઇનલ એલોટમેન્ટ નથી)<br>વિદ્યાર્થી મોકરાઉન્ડ દરમ્યાનના કટઓફ લીસ્ટનો અભ્યાસ કરી પોતાના વિભાગ/કોલેજ પસંદગીનો ક્રમાંક તારીખઃ **30/0૬/૨૦૨૩** સાંજે ૪.૦૦ કલાક સુધી બદલી શકશે. ત્યારબાદ વિદ્યાર્થી પોતાના વિભાગ/કોલેજ પસંદગી ક્રમાંક બદલી શકશે નહીં. |
| ૦૧/૦૭/૨૦૨૩ | તારીખઃ **૦૧/૦૭/૨૦૨૩**ને બપોરે ૧૨.૦૦ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે કઇ વિભાગ/કોલેજમાં એડમીશન મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઈ શકશે. |
| ૦૧/૦૭/૨૦૨૩<br>૦૫/૦૭/૨૦૨૩ | વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબની વિભાગ/ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં મળેલ પ્રવેશ બાદ યુનિવર્સિટી માન્ય વિભાગ/કોલેજની ફી તારીખઃ **૦૧/૦૭/૨૦૨૩** બપોરે ૨.૦૦ કલાકથી તારીખઃ **૦૫/૦૭/૨૦૨૩** બપોરે ૨.૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.<br>**નોંધઃ** આ સાથે સામેલ બિડાણ-૧ મુજબની કાર્યવાહી વિદ્યાર્થી તથા વિભાગ/કોલેજ/ઈન્સ્ટીટયૂટે કરવાની રહેશે. |
| ૦૬/૦૭/૨૦૨૩ | યુનિવર્સિટી દ્વારા વિભાગ/કોલેજવાઇઝ ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર તારીખઃ **૦૬/૦૭/૨૦૨૩** **બપોરે ૧.૦૦ કલાકે** પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૦૭/૦૭/૨૦૨૩<br>૧૦/૦૭/૨૦૨૩ | તા. **૦૭/૦૭/૨૦૨૩** સવારે ૧૧.૦૦ કલાકથી તા. **૧૦/૦૭/૨૦૨૩** બોપરના 3.૦૦ કલાક સુધીમાં જે વિભાગો/કોલેજોમાં ગ્રાન્ટ ઇન એઇડ્ તથા એસ.એફ. બંન્ને ડિવિઝન છે તેમાં ગ્રાન્ટ ઇન એઇડ્માં ખાલી રહેતી બેઠકો ઉપર એસ.એફ.માં જે વિદ્યાર્થીઓને એડમીશન મળેલ છે તેવા વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા ગાન્ટ ઇન એઇડ્માં તબદીલ કરવા માટે યાદી બનાવી એકેડેમિક વિભાગમાં રજૂ કરવાની રહેશે. અને કોમ્પ્યુટર સેન્ટર દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૧/૦૭/૨૦૨૩ | યુનિવર્સિટી દ્વારા વિભાગ/કોલેજવાઇઝ ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. |


ચાલુ...

**અનુસ્નાતક અભ્યાસક્રમો (M.Ed. અને B.Ed. Spl. (ID) અને M.Ed. Spl. (ID) ) સિવાયના) તથા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.**

| તારીખ | વિગત |
|---|---|
| ૧૨/૦૭/૨૦૨૩ | ૧. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખ: **૧૨/૦૭/૨૦૨૩** સવારે ૧૨.૦૦ કલાકથી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેથી નથી.<br>૩. જે વિદ્યાર્થીઓએ નવા ભરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ તથા તમામ અસલ દસ્તાવેજો સાથે યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ખાતે Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે.<br>૪. વિદ્યાર્થીએ વિભાગ/ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં ખાલી જગ્યા ની માહિતી યુનિવર્સિટી વેબસાઈટ ઉપરથી મેળવી હેલ્પ સેન્ટર દ્વારા ચકાસણી કરેલ પ્રવેશ ફોર્મ ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ માટે રજૂ કરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.<br>૫. વિભાગ/ઈસ્ટીટ્યુટ/કોલેજ દ્વારા ચકાસણી કરેલ વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો રહેશે અને યુનિવર્સિટી માન્ય ફી ભરવાની રહેશે.<br>૬. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની ઈસ્ટીટ્યુટ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે ઈસ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે ઈસ્ટીટ્યુટ/કોલેજની ખાલી જગ્યાની માહિતી યુનિવર્સિટી વેબસાઈટ ઉપરથી મેળવી જૂના ઈસ્ટીટ્યુટ/કોલેજમાંથી પ્રવેશ રદ કરાવવા અને અન્ય ઈસ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવા રૂમ નં. ૧૧૮, યુનિવર્સિટી હેલ્પ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે અરજી આપવાની રહેશે. |
| | પ્રવેશ અંગેની અંતિમ તારીખ જાણ તથા જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે. |

**નોંધ :**
૧. યુનિવર્સિટી દ્વારા કોઇ ઈસ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.
૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.
૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

**નંબર: ડી/ઈ/૧૦/૧૫૮૦**
**વલ્લભ વિદ્યાનગર**
**તારીખ: ૧૩/૬/2023**

**કુલસચિવ**